

આસ્થાપૂર્વક ઉજવણી - ઉત્તર ભારતીય પરિવારોમાં છઠ્ઠ પૂજાનું અનેરૂ મહાત્મય છે. મહિલાઓ આ દિવસે વ્રત કરે છે અને આથમતા સૂર્યને અર્ધ્ય આપી તેની પૂજા કરે છે. સેક્ટર-૧૩ માં છઠ્ઠ પૂજા નિમિત્તે વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં મહિલાઓએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો.

# આવતીકાલે શહેર-જિલ્લામાં ''નિરામય ગુજરાત'' પ્રોજેક્ટનું લોંચિંગ કરાશે

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર શહેર અને જિલ્લામાં ''નિરામય ગુજરાત'' પ્રોજેક્ટનું ૧૨મીએ લોંચ કરવાને લઈ આરોગ્યતંત્ર દ્વારા તડામાર તૈયારીઓ ચાલી રહી છે.

ગાંધીનગર શહેરમાં ''નિરામય ગુજરાત'' પ્રોજેક્ટ જી.આઈ.ડી.સી.ના ચેરમેન બળવંતસિંહ રાજપૂતના હસ્તે લોંચ થશે જયારે ગ્રામ્ય વિસ્તારમાં આ પ્રોજેક્ટ જિલ્લાના પ્રભારી મંત્રી અને રાજ્ય ગૃહમંત્રી હર્ષ સંઘવીના હસ્તે લોંચ થશે.

શહેરમાં સે. ૨૨ના રંગમંચ પર અને ગ્રામ્ય વિસ્તારમાં રૂપાલ ખાતે આ કાર્યક્રમ લોંચ કરવામાં આવનાર છે. નિરામય ગુજરાત પ્રોજેક્ટ અંતર્ગત ડાયાબીટીસ, હાયપર ટેન્શન, સ્તન કેન્સર, ગર્ભાશયનું કેન્સર, ઓરલ કેન્સર, પાંડુરોગ અને કેલ્શિયમની ઉણપ સહિતની બાબતોની નિષ્ણાંત દ્વારા તપાસ કરી અને નિદાન કરવામાં આવશે.

રાજ્યમાં દિપાવલી પર્વ પહેલા આ પ્રોજેક્ટ લોંચ કરવામાં આવનાર હતો પરંતુ છેલ્લી ઘડીએ તે રદ કરાયો હતો. અગાઉ જીએમઈઆરએસ તેમજ જિલ્લાકક્ષાની હોસ્પિટલોમાં કાર્યક્રમ યોજવાનો હતો પરંતુ સરકારે નવી સૂચનાઓ આપી આ કાર્યક્રમો જાહેરસ્થાનો પર યોજવા જણાવ્યું છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ પાલનપુર ખાતે આ પ્રોજેક્ટનું લોકાર્પણ કરનાર છે.

નિરામય ગુજરાત પ્રોજેક્ટ અંતર્ગત ૩૦ વર્ષથી વધુ વય ધરાવતા લોકોનો પણ સર્વે કરી અને તેમના આરોગ્ય અંગે હેલ્થ કાર્ડ તૈયાર કરવાનો પણ નિર્ણય વિચારાધીન છે. જેથી લોકોને ઝડપથી અને સમયસર સારવાર ઉપલબ્ધ બની રહે. બિનચેપી રોગોનું હેલ્થકાર્ડમાં સમાવેશ કરવામાં આવશે તેમ જાણવા મળેલ છે.

કોરોનાની મહામારી પછી રાજ્યવ્યાપી આરોગ્ય ચકાસણીની આ ઝુંબેશ એક મહત્વાંકાંક્ષી પગલુ હોવાનું રાજ્ય સરકારના સૂત્રોનું કહેવું છે.

# શહેરમાં ઠંડીની મોસમની જમાવટ

## પારો ૧૩ ડીગ્રી : ગત સપ્તાહમાં સિઝનની મહત્તમ ઠંડી નોંધાયા બાદ બે દિવસથી નગરજનોએ ઠંડીમાં રાહત અનુભવી હતી : નગરજનો હવે ગરમ કપડામાં લપેટાતા જાય છે

ગાંધીનગર તા ૧૦

ગાંધીનગરમાં ધીમે ધીમે ઠંડીની મોસમ જામતી જાય છે. ગત સપ્તાહ દરમિયાન સિઝનની મહત્તમ ઠંડી નોંધાયા બાદ આજે ફરી એકવાર અચાનક જ લઘુત્તમ તાપમાન ૩.૫ ડીગ્રી ગગડીને ૧૩ સુધી પહોંચી ગયુ હતુ. ઠંડીની મોસમ જામતા નગરજનો હવે રાત્રિના સમયે ગરમ કપડામાં લપેટાયેલા જોવા મળે છે. મોસમના બદલાતા મિજાજની અસરથી જનજીવન અને જન આરોગ્ય પ્રભાવિત છે. આગામી દિવસોમાં કોલ્ડ વેવનો કહેર વધે તેવી સંભાવના છે.

ગાંધીનગરમાં દિવાળી પર્વના અંતે ધીમે ધીમે મોસમનો મિજાજ બદલાતો જાય છે. છેલ્લા બે ત્રણ દિવસથી ઠંડી ગરમીનો પારો ઉપર નીચે થતો જોવા મળે છે. અગાઉ ગત રવિવારે લઘુત્તમ તાપમાન ૧૧ ડીગ્રીએ પહોંચી ગયુ હતુ જેના લીધે શહેરમાં સિઝનની મહત્તમ ઠંડી નોંધાઈ હતી.

જયારે છેલ્લા બે દિવસથી લઘુત્તમ તાપમાન ૧૬ ડીગ્રીની આસપાસ રહેતા નગરજનોએ ઠંડીમાં રાહત અનુભવી હતી. જયારે આજે અચાનક જ ઠંડીનો પારો ઉંચકાયો હતો. અલબત્ત લઘુત્તમ તાપમાન ૧૩ ડીગ્રી રહ્યુ હતુ. ગઈકાલની સાપેક્ષમાં ઠંડીનો પારો ૩.૫ ડીગ્રી ગગડયો હતો. જેના લીધે નગરજનોએ ઠંડીનો ચમકારો અનુભવ્યો હતો. હવે ધીમે ધીમે ઠંડીની મોસમ જમાવટ થતી જાય છે.

આજે દિવસનુ તાપમાન ૩૪ ડીગ્રી રહ્યુ હતુ. અલબત્ત ઠંડીનો પારો ઉંચકાવાની સાથે મહત્તમ તાપમાન પણ અડધો ડીગ્રી વધ્યુ હતુ. છેલ્લા બે ચાર દિવસથી મહત્તમ અને લઘુત્તમ તાપમાનમાં સતત ચઢ ઉતર જોવા મળે છે. ઠંડીનો પારો ૧૫ થી ૧૬ ડીગ્રીની આસપાસ રહેતા નગરજનોએ આકરી ઠંડીમાં રાહત અનુભવી હતી. જયારે આજે અચાનક જ ઠંડીનો મિજાજ ઉગ્ર બનતા નગરજનોએ કોલ્ડવેવની અસર અનુભવી હતી. ઠંડીની અસરથી જનજીવન પણ પ્રભાવિત છે. એકબાજુ ડબલ સિઝનની અસરના લીધે શહેરમાં વાયરલ ફીવરના દર્દીઓ વધ્યા છે. જયારે ડેન્ગ્યુ અને ચિકનગુનિયાના કેસમાં પણ સતત વધારો થઈ રહ્યો છે.

બીજીતરફ ઠંડીનો ચમકારો વધતા જનઆરોગ્ય વધુ પ્રભાવિત થયુ છે. ઠંડીની મોસમ નિખરતા સાંધાના અને દમના દર્દીઓ પણ બેચેની અનુભવી રહ્યા છે. શહેરમાં શિયાળાની મોસમ જમાવટ કરતી જાય છે. ત્યારે ધીમે ધીમે ઠંડીનો પારો સિંગ્લ ડીઝીટમાં આવી જશે તેમ પણ હવામાન તજજ્ઞો જણાંવી રહ્યા છે. ડિસેમ્બર મહીનામાં ઠંડીનો પારો ૫ ડીગ્રી સુધી પહોંચી જવાની સંભાવના છે. ત્યારે અત્યારથી જ લઘુત્તમ તાપમાનમાં નોંધપાત્ર ચઢ ઉતર જોવા મળી રહી છે.

## હજુ ૧૪મી સુધી ગરમી રહેશે ઠંડા પવનના સુસવાટા પણ થશે

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર શહેર-જિલ્લામાં હજુ ૧૪મી સુધી બેવડી ઋતુનું વાતાવરણ છવાયેલુ રહેશે.

દાંતીવાડા કૃષિ યુનિ.ના હવામાન શાસ્ત્ર વિભાગ દ્વારા હવામાન-પૂર્વાનુમાન અને કૃષિ સલાહ બુલેટીનમાં જણાવ્યા પ્રમાણે ૧૪મી સુધી મહત્તમ તાપમાન ૩૪-૩૫ ડિગ્રી સે. જ્યારે લઘુત્તમ તાપમાન ૧૭ ડિગ્રી સે. રહેવાની સંભાવના છે.

આ બુલેટીનમાં જણાવ્યા પ્રમાણે હવામાં ભેજનું પ્રમાણ ૧૫ થી ૩૩ ટકા વચ્ચે રહેવાની સંભાવના છે. પવનની સરેરાશ ગતિ ૧૧ થી ૧૪ કિ.મી. પ્રતિ કલાક રહેવા શક્યતા છે.

ખેડૂતોને શિયાળુ પાકની વાવણી શરૂ કરવાની સલાહ પણ આપવામાં આવી છે. જમીનમાં સંગ્રહિત ભેજનો મહત્તમ ઉપયોગ કરવાની ભલામણ કરાઈ છે. રાઈ, બટાટા, વરિયાળી, જીરૂ, ઘઉં અને ચણના પાકની વાવેતર માટે જમીન તૈયાર કરવા પણ જણાવાયુ છે.

આ વખતે ચોમાસામાં વરસાદની ઘટ ૨૯ ટકા જેટલી રહી છે તેમજ ચોમાસાની મોડી વિદાય પછી રવિ સીઝનની વાવણીનો દિપાવલીના પર્વો બાદ ધીમી ગતિએ આરંભ થયો છે. જો કે દેવ દિવાળી બાદ આ કામગીરી વેગીલી બનશે તેમ મનાઈ રહ્યુ છે.

# સચિવાલયમાં વાયબ્રન્ટની તૈયારીઓનો ધમધમાટ

ગાંધીનગર, તા. ૧૦

વાયબ્રન્ટ સમીટની તૈયારીઓ હવે વેગીલી બની છે. દિપાવલી પર્વ પછી આ તૈયારીઓમાં ગતિ આવી ગઈ છે.

મળતી વિગતો પ્રમાણે વાયબ્રન્ટ સમીટમાં ભાગ લેવા આવનારા મહેમાનોના બુકિંગ અને રહેવાની વ્યવસ્થા માટે તંત્ર દ્વારા ડેટા બેઝ રિપોર્ટ તૈયાર કરવામાં આવી રહ્યો છે. લાંબા સમય પછી અર્થાત્ કોરોના કાળ પછી આ મહત્વનો કાર્યક્રમ સરકાર દ્વારા જાન્યુઆરી માસમાં યોજાવાનો છે.

## હોટલ્સ, રેસ્ટોરન્ટ તેમજ સ્ટાર હોટેલ્સ અંગે ડેટા બેઝ બેંક ઉભી કરવામાં આવશે



કોરોના કાળ દરમ્યાન કેટલીક હોટલો બંધ પણ થઈ ગઈ છે. આ સંજોગોમાં નવેસરથી ફાઈવસ્ટાર, થ્રી સ્ટાર, ફોર સ્ટાર હોટલની યાદી તેમજ તેમાં કેટલા રૂમની સુવિધા ઉપરાંત તેના કર્મચારીઓએ વેક્સિનના બન્ને ડોઝ લીધા છે કે કેમ તે સહિતની વિગતો એકત્ર કરી આખી ડેટાબેઝ બેન્ક ઉપલબ્ધ કરવામાં આવનાર છે.

આ ઉપરાંત રાજ્યોના અધિકારીઓ અને તેમના પ્રતિનિધિ મંડળોને પણ રહેવા માટે વિશ્રામગૃહ, અતિથિગૃહ, સરકીટહાઉસની વ્યવસ્થા અંગે પણ ચકાસણી કરી તેની યાદી અલગથી તૈયાર કરવામાં આવનાર હોવાનું જાણવા મળેલ છે. ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે યોજાનાર વાયબ્રન્ટ સમીટને લઈ વાહન-વ્યવસ્થામાં ઈ-વ્હીકલ્સ મહેમાનો માટે ઉપલબ્ધ કરાવવાનું આયોજન છે. આ માટે પણ તૈયારીઓ ચાલી રહી હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર શહેરમાં સ્વચ્છતા જાળવવા સહિતની વિવિધ કામગીરી પણ મનપાને સોંપવામાં આવી છે. આ માટે સઘન સ્વચ્છતા અભિયાન પણ યોજવામાં આવશે એટલુ જ નહિ વૃક્ષોના ટ્રીમીંગ સહિતની કામગીરી પણ વન વિભાગ દ્વારા શરૂ કરી દેવામાં આવી છે.

# આવાસ ફાળવણીના મુદ્દે કેન્દ્ર સરકારની નિતીનો અમલ કરવાની વાત અધ્ધરતાલ

## સમિતિની રચના બાદ કરાયેલા સુચનો સંદર્ભે પણ કોઇ નિર્ણય લેવાયો નથી

ગાંધીનગર તા ૧૦

ગાંધીનગરમાં એકબાજુ સરકારી આવાસો જોખમી બન્યા છે. જયારે રહેણાંકને લાયક મકાનો નથી ત્યારે આવસો તબક્કાવાર તોડવામાં આવી રહ્યા છે. નવા આવાસોનુ પણ નિર્માણ કરવામાં આવી રહ્યુ છે. આ સ્થિતિ વચ્ચે તંત્રના ચોપડે આવાસોના મામલે પ્રતિક્ષા યાદી પણ મોટી થતી જાય છે. આ સંજોગોમાં આવાસ ફાળવણીના મામલે કેન્દ્ર સરકારની નિતીનો અમલ કરવાની વાત પણ વિસરાઈ ગઈ છે. આવાસ ફાળવણીની નિતીમાં ફેરફાર કરવા માટે રાજય સરકારના સચિવોની વિશેષ સમિતિની રચના કરવામાં આવી હતી. જે અન્વયે રાજય અને કેન્દ્ર સરકારની નિતીનો અભ્યાસ પણ કરાયો હતો. સરકાર સમક્ષ અહેવાલ રજુ કરાયા બાદ પણ તેનો અમલ હજુ સુધી થઈ શક્યો નથી.

શહેરમાં સ્થિત જુદી જુદી કક્ષાના આવાસોની ફાળવણીની પ્રક્રીયા લાંબી અને જટીલ હોવાનો સુર પણ ઉઠવા પામ્યો છે. જયારે આ નિતીમાં ફેરફાર કરવા માટે અલબત્ત કેન્દ્ર સરકારની નિતીને અનુસરવા માટે વિચારણાના અંતે માર્ગ મકાન, મહેસુલ તેમજ નાંણા વિભાગના સચિવોની સમિતી પણ રચવામાં આવી હતી. હાલની સ્થિતિએ આવાસ ફાળવવાની જુની પ્રથાને જ અનુસરવામાં આવે છે. જેના લીધે કોઈ કિસ્સામાં સરકારી કર્મચારી કે અધિકારીઓ માટે આવાસ ઉપલબ્ધ રહેતા નથી.

જયારે નવી નિતી મુજબ આવાસ ફાળવણીની પ્રક્રીયા સરળ અને ઝડપી બને તે માટે પણ સુચનો કરાયા હતા. જેમાં બોર્ડ નિગમના ચેરમેન માટે અનામત રખાયેલા બંગલાની ફાળવણીની પ્રક્રીયા પણ ઝડપી બનાવવા માટે સુચન કરાયુ હતુ. આ ઉપરાંત પગાર ધોરણ જ નહી પરંતુ હોદાઓને ધ્યાનમાં રાખીને આવાસ ફાળવણી કરવામાં આવે તે માટે પણ સુચન કરાયુ હતુ. પરંતુ હજુ સુધી કેન્દ્ર સરકારની નિતીનો અમલ કરવાની વાત અધ્ધરતાલ છે.

# જિલ્લા પંચાયતનું ડેટા સેન્ટર રાષ્ટ્રીય કક્ષાએ નમૂનેદાર ગણાતુ હતુ

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં ગઈકાલે લાગેલી આગના બનાવમાં રાષ્ટ્રીય સ્તરે આગવી ઓળખ ઉભી કરનાર જિલ્લાના ડેટા સેન્ટરને ભારે નુકશાન થયુ છે. જો કે આ ડેટા સેન્ટરનો રેકર્ડ ઓનલાઈન ઉપલબ્ધ છે પણ તેની કામગીરી હવે પુનઃ કાર્યાન્વીત કરવામાં સારો એવો સમય લાગશે.

રૂ. ૨૫ લાખના ખર્ચે આ ડેટા સેન્ટર તૈયાર કરવામાં આવ્યુ હતુ. આ માટે ખાસ ગ્રાન્ટ કેન્દ્ર સરકારે ડીજીટલ યુગના પ્રારંભ વખતે ફાળવી હતી. આ ડેટા સેન્ટર જોયા બાદ અને તેના સારા પ્રતિસાદને પગલે તમામ જિલ્લાઓમાં આવા ડેટા સેન્ટર બનાવવામાં આવ્યા છે.

આંકડાકીય વિગતો તેમજ યોજનાઓના અમલીકરણ સહિતની વિગતો આ ડેટા સેન્ટરમાં હતી. રાજ્યોના આંકડા અધિકીઓ તેમજ રાષ્ટ્રીય સ્તરેથી પણ ડેટા સેન્ટરની મુલાકાતે ટીમો આવતી હતી જે નોંધનીય છે.

જિલ્લા પંચાયતમાં ગઈકાલે લાગેલી આગથી થયેલા નુકશાન અંગેની વિગતો તૈયાર કરવામાં આવી રહી છે.

જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી સુરભિ ગૌત્તમે ગઈકાલે જ પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યુ હતુ કે ડેટાને હાનિ થઈ નથી પરંતુ કોમ્પ્યુટર, ફર્નીચરને નુકશાન થયુ છે.

# પાણી ગટર વેરાની વસુલાત અન્વયે જુના સેકટરોમાં ૨૨૦૦ બાકીદારોને નોટીસ

## વેરા વસુલાત ક્ષેત્રે માંડ ૪૫ ટકા જ કામગીરી થઇ શકી છે. : નોટીસના અંતે બાકીદારો વેરો ચુકવવા માટે ઉત્સુક બન્યા છે

ગાંધીનગર તા ૧૦

ગાંધીનગર શહેરમાં પાણી ગટર વેરાની વસુલાત દરવર્ષે નિરસ પુરવાર થાય છે. પાણી ગટર વેરાની વસુલાતનુ નબળુ ચિત્ર ઉપસી આવતા તંત્રએ આખરે નોટીસ આપી વેરા વસુલાત વધુ અસરકારક બનાવવા માટે પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. શહેરના જુના સેકટરોમાં પાણી ગટર વેરાની વસુલાત સંદર્ભે તંત્રએ ૨૨૦૦ જોડાણકર્તાઓને નોટીસ આપી છે. જયારે નોટીસના અંતે વેરો ભરપાઈ કરવા માટે પણ જોડાણકર્તાઓ ઉત્સાહ દાખવી રહ્યા છે.

ગાંધીનગરમાં પાણી ગટર વેરાની વસુલાત દરવર્ષે નબળી પુરવાર થાય છે. દર માર્ચ મહીનામાં વેરા વસુલાત માટે ઝુંબેશ હાથ ધરવામાં આવે છે. જયારે વેરા વસુલાત સંદર્ભે તંત્ર દ્વારા ૩૧ માર્ચ સુધી વળતર પણ ચુકવામાં આવે છે. આ વર્ષે પણ ગત માર્ચ મહીનામાં વેરા વસુલાત ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી પરંતુ શહેર તેમજ આસપાસના વિસ્તારના અંદાજિત ૨૬ હજારથી પણ વધુ જોડાણકર્તાઓને વેરો ચુકવી વળતરનો લાભ લેવા માટે પણ તંત્રએ અપીલ કરી હતી. જયારે વેરા વસુલાત ઝુંબેશના અંતે અંદાજિત ૨.૨૫ કરોડના બાકી માંગણા સામે માંડ ૪૫ ટકા જેટલી જ વસુલાત થઈ હોવાનુ સ્પષ્ટ થયુ છે. એકબાજુ ગાંધીનગરાઓ દેશમાં સૌથી વધુ માથાદીઠ પાણીનો વપરાશ કરતા હોવાનુ પણ અભ્યાસના અંતે જાણવા મળ્યુ છે. જયારે પાણી વિતરણ વ્યવસ્થા પાછળ પણ સરકાર દરવર્ષે કરોડો રૂપિયાનો તોતિંગ ખર્ચ કરે છે. પરંતુ પાણી ગટરના જોડાણ બદલ નજીવો વેરો ચુકવવામાં પણ નિરસતા દાખવતા વર્ષોથી પાણી ગટર વેરા વસુલાતની ઝુંબેશ નબળી હોવાનુ સ્પષ્ટ થયુ છે. આ વર્ષે પણ વેરા વસુલાત ક્ષેત્રે અંદાજિત ૪૫ ટકા જ કામગીરી થઈ છે. જેને અનુલક્ષી બાકી વેરો વસુલવા માટે તંત્રએ નોટીસ આપવાનુ શરૂ કર્યુ છે. શહેરના જુના સે-૧૪ થી ૩૦ માં અત્યાર સુધી અંદાજિત ૨૨૦૦ જેટલા બાકીદારોને નોટીસ આપવામાં આવી છે. જયારે આગામી દિવસોમાં હજુ સે-૨૫ અને સે-૨૮ જી આઈ ડી સી વિસ્તારમાં બાકીદારોને નોટીસ આપવામાં આવશે. જો કે નોટીસના અંતે બાકીદારો હવે વેરો ભરપાઈ કરવા પ્રોત્સાહીત થતા વસુલાતનો આંકડો ઉંચો આવતો જાય છે. પરંતુ પાણી ગટર વેરાની કડક ઉઘરાણી માટે પણ તંત્રના હાથ એક રીતે બંધાયેલા હોવાથી વસુલાત ક્ષેત્રે બાકી માંગણાનો આંકડો પણ ઉંચો છે.

# જિલ્લા પંચાયતમાં બીજે દિવસે પણ વીજપુરવઠો ખોરવાયો

## ઈન્દિરા ગાંધી તાલીમ ભવનમાં રૂમો મેળવી રોજીંદી કામગીરીનો આરંભ કરાયો


ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર જિલ્લા પંચાયતની કચેરીમાં ગઈકાલે થયેલ આગની દુર્ઘટના પછી આજે બીજે દિવસે પણ વીજ પુરવઠો પુનઃ પ્રસ્થાપિત થઈ શક્યો નથી. જો કે પંચાયત દ્વારા ઈન્દિરા ભવન ખાતે હાલ બે થી ૩ રૂમ ભાડે લઈ અને કચેરીની કામગીરીનો આરંભ થયો છે. જિલ્લા પંચાયતમાં આજે સતત બીજે દિવસે પણ અંધારપટ છવાયેલો રહ્યો હતો અને તેની વિપરીત અસરો પંચાયતની વિવિધ શાખાઓની કામગીરી પર પડી હતી. વીજ પુરવઠો ઝડપથી પુનઃપ્રસ્થાપિત થયા બાદ કામગીરી સાવ ખોરંભે પડી ના જાય તે માટે તંત્ર દ્વારા ઈન્દિરા ગાંધી તાલીમ ભવન ખાતે તાત્કાલિક બે થી ત્રણ રૂમ મેળવી અને રોંજીદી કામગીરીને આગળ ધપાવવાનો નિર્ણય સત્તાવાહકોએ લીધો છે.

ગઈકાલે લાગેલ આગના કારણો અંગે હજુ કોઈ ચોક્કસ તારણ જાણવા મળી શક્યું નથી. બીજી તરફ ગઈકાલે આગામાં નુકસાન પામેલ વસ્તુઓને દૂર કરવાની તેમજ સફાઈની કામગીરીને વેગીલી બનાવવામાં આવી છે. આગામી એકાદ બે દિવસમાં થયેલા નુકસાન અંગેના અંદાજ તેમજ વિગતે રિપોર્ટ તૈયાર કરી દેવામાં આવશે તેમ જાણવા મળેલ છે.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧, ફોન - ૨૩૨૩૭૫૭૧

## બેસણું



મારા પત્નીશ્રી **સ્વ. અ.સૌ. કાન્તાબેન મંગળદાસ પ્રજાપતિ** તા. ૯/૧૧/૨૦૨૧ના રોજ દેવલોક પામ્યા છે. પ્રભુને ગમ્યું તે ખરું. **સદ્દગતનું બેસણું / સુંવાળું તા. ૧૨/૧૧/૨૦૨૧ને શુક્રવારના રોજ સવારે ૮-૦૦ થી ૧૧-૦૦ કલાકે** રાખેલ છે.

**સ્થળ : પ્લોટ નં. ૨૪૨/૨, સેક્ટર-૧/સી, ગાયત્રી મંદિર પાસે, ગાંધીનગર**

લી.

બાબુભાઈ મંગળભાઈ પ્રજાપતિ (પુત્ર) મંગળભાઈ અંબારામ પ્રજાપતિ
રમેશભાઈ મંગળભાઈ પ્રજાપતિ (પુત્ર) શૈલેષભાઈ મંગળભાઈ પ્રજાપતિ (પુત્ર)

**પિયરપક્ષનું બેસણું ઉપરોક્ત સ્થળે અને સમયે રાખેલ છે.**

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com